


**THE VOYAGERS, BRAHMA KUMARIS WORLD SPIRITUAL UNIVERSITY PRESS (1981) by Robert Shubow**
ગુજરાતી અનુવાદ, અનુવાદક: જ્યોતિ રાજન (2023), ચિત્ર: ઇન્ટરનેટ સ્ત્રોત, આભાર

# મૂળવતનના યાત્રી

## ૧. આપણું ઘર – મૂળ વતન

એક સમયની વાત છે, સમજો કે પાંચ હજાર વર્ષ પહેલા, અથવા તો પાંચ હજાર વર્ષ બાદ એક અનોખી દુનિયા, એક અનોખા પરિમાણમાં, જ્ઞાનશુદ્ધોની પ્રજાતિ રહેતી હતી, સંપૂર્ણ પવિત્ર અને સમજદાર પ્રજાતિ હોવાથી સદૈવ શાંતિની સ્થિતિમાં સ્થિત. આ લોકોની દુનિયા આપણી દુનિયાથી તદ્દન અલગ, પ્રકાશની દુનિયા હતી, ચારેકોર પ્રકાશ જ પ્રકાશ.



આ શાલિગ્રામ નામે ઓળખાતા જ્ઞાનશુદ્ધો સોનેરી લાલ પ્રકાશથી ઝગમગાતી વિશાળ જગ્યામાં વિહરતા હતા, જાણે કે શાંતિના સાગરમાં તરતી માછલીઓ. આ લોકો અત્યંત સમરસ અને ભરપૂર હોવાથી એમને હલન-ચલનની કોઈ જ આવશ્યકતા નહોતી. શાલિગ્રામો હાડ – માંસના બનેલા નહોતા, પરંતુ તેઓ પણ પ્રકાશકણના બનેલા હતા, જોવામાં અતિ સૂક્ષ્મ પ્રકાશમય બિંદી લાગે આકાશી તારલા જેવા. દેખાવે 'કણ', પણ તેમના મન – બુદ્ધિની શક્તિ અને આવડત સો ટચના સોના જેવી હતી. આ શાલિગ્રામો પોતાની પ્રકાશમય, પ્રશાંત દુનિયામાં મસ્ત, એવા લાગતાં હતા જાણે કે રક્તસ્વર્ણિમ આકાશ ગંગા.

બધા શાલિગ્રામોના ચમકની કિરણો અને ઘેરાવો પોતપોતાનો હતો, અમુક પાસે પ્રચંડ તાકત અને દૈદિપ્યમાન ચમક હતી, તો અમુક અત્યંત તેજોમય અને વિશાળ આભામંડળ વાળા, જ્યારે અમુક માત્ર સામાન્ય તેજ અને આભામંડળ ધરાવતા હતા. સમય જતાં શક્તિશાળી અને દૈદિપ્યમાન શાલિગ્રામોએ પોતાની હારમાળા બનાવી, અને તદુપરાંત અનેક મંણકાઓની ખૂબ સુંદર માળાના આકારમાં ગોઠવાઈ ગયા.

આખા સમૂહના કેન્દ્રમાં, ટોચ ઉપર, સૌથી સુંદર, સૌથી શ્રેષ્ઠ, સૌથી શક્તિશાળી, તેજોમય જ્ઞાનશુદ્ધ હતો. તેમનું આભામંડળ અદ્ભુત, એટલું આકર્ષણવાળુ હતું કે બધા જ તેમની સમીપ રહેવા માંગતા હતા. તેમની પાસે સમગ્ર બ્રહ્માણ્ડનું જ્ઞાન હતું – એક માત્ર આપણાં જગતનું જ નહીં, સમગ્ર બ્રહ્માણ્ડ અને તેની બહારનું પણ જ્ઞાન હતું. એટલું જ નહીં તેમને સમયનું પણ ગુહ્ય જ્ઞાન હતું, તેઓ ક્ષણમાં બ્રહ્માણ્ડની કોઈપણ જગ્યાએ જઇ

શકવા સમર્થ હતા, સર્વશક્તિમાન હતા. આ શાલિગ્રામોની પ્રજાતિ એટલી સમર્થ હતી કે તેમની સરખામણીમાં મનુષ્યો તો વાનર જ જણાય.

આમ છતાં, સૌ શાલિગ્રામોનો શિરોમણી સંપૂર્ણ નમ્રચિત હતો, સમર્થ હોવા છતાં તેમણે કયારેય કોઈને પણ લેશમાત્ર હાનિ પહોંચાડવાનો, ફાયદો ઉઠાવવાનો ઇરાદો પણ કર્યો નહોતો. હમેશા તેમનો ધ્યેય વિશ્વ ને શાંતિથી ચલાવવાનો અને જ્યારે વિશ્વમાં અરાજકતા ફેલાઈ જાય ત્યારે ફરીથી સુખ શાંતિનું રાજ્ય સ્થાપન કરવાનો હતો. તેમનું નામ શિવ, સૌથી ઉચ્ચ જ્ઞાનશુદ્ધ, પરમ કર્તવ્ય-ધ્યેય ધરાવનાર પરમાત્મા. બધા જ શાલિગ્રામ તેમણે પરમપિતા માનતા હતા.

આ પ્રકાશની – જ્યોતિર્બિંદુઓની દુનિયામાં બધુ જ રાબેતા મુજબ ચાલતું હતું, પણ એક સમયે, એક પછી બીજા, બીજા, પછી ત્રીજા એમ અમુક શાલિગ્રામોને લાગ્યું કે તેમની દુનિયાથી અલગ બીજી દુનિયાઓનું ભ્રમણ કરવું જોઈએ. અહી એક જ દુનિયામાં રહેવાનુ રોમાંચકારી નથી. તેમની દુનિયામાં શાંતિ તો છે – પણ ખેલ નથી, જેથી ખેલની મજા પણ નથી.

માટે સૌ શાલિગ્રામોમાં સૌથી શક્તિશાળી શાલિગ્રામે શિવપિતાની સાથ વાત કરી, “મારે બીજી દુનિયા જોવી અને જાણવી છે” , “ હું મારી સાથે થોડા શાલિગ્રામો ને લઈ જાઉં છું, અમે કોઈ સારી જગ્યા શોધીને ત્યાં વસવાટ કરીશું. અમારે આ અનુભવ માણવો છે.” જવાબમાં શિવ પિતાએ પૂછ્યું, “વ્હાલા બાળક, તું ક્યાં જઈશ?,” “મને ખબર નથી,” થોડા અચરજ સાથે પેલા શાલિગ્રામે કહ્યું, “જરૂર કોઈ દુનિયા આપણી દુનિયાથી અલગ હશે જ્યાં નવેસરથી જીવન શરૂ કરી શકાય. એવી જગ્યા, જયાં અમને જોઈતું વાતાવરણ, તત્વો અને તક હોય.”

શાલિગ્રામોના પિતાએ એક ક્ષણમાં જ પારખી લીધું કે આગળ શું થવાનું છે. એમણે એમના સાગર જેટલા વિશાળ મન- બુદ્ધિથી અનંત બ્રહ્માણ્ડ ને ક્ષણ માત્રમાં માપી લીધું અને કહ્યું, “ ભલે, જાઓ.” આગળ કહ્યું, “તમારી મહત્વકાંક્ષાઓની પરિપૂર્તિ એવી સ્થૂળ દુનિયા કરી શકશે જ્યાં તારાઓ અને ગ્રહો છે, પરંતુ ઘણાબધા જગત ખાલી છે, એમનું અસ્તિત્વ આખા અવકાશમાં ગુરુત્વાકર્ષણ બળ જાળવવાનું છે. પણ, એક જગ્યા છે, ચાર પરિમાણોવાળા અવકાશમાં ઘણી દૂર એક ગ્રહ છે. આ એક સુંદર એવો ગ્રહ છે, જયાં તમને જોઈતું બધુ જ મળી રહેશે. તમે એ જગ્યા ને માણી શકશો. જાઓ બાળકો, થોડા ઘણા જઇને ત્યાં વસવાટ સ્થાપન કરો. તમને સાધનોની પણ જરૂર પડશે, સ્થાપનાનું કાર્ય કરવા માટે, એ પણ બનાવી શકશો. ત્યાં વસાવા માટે, કામ કરવા માટે તમને શરીર રૂપી વસ્ત્રની જરૂર પડશે. આ બધુ બનાવવામાં હું તમારી મદદ કરીશ. જાઓ અને તમારો

સુખ નો અનુભવ મેળવો, સુખ પામવાનો તમારો અધિકાર છે, જે તમે મહેનતથી પ્રાપ્ત કર્યો છે. યાદ રાખજો, જ્યારે પણ તમને મૂંઝવણ થાય, મુશ્કેલી પડે તો મને પોકારજો, અને હું તમને શકય તેટલી મદદ કરીશ."

શિવપિતાની સમીપ ઝગમગતા બધાજ પ્રકાશકણરૂપી શાલિગ્રામો ખુશીથી ઝૂમી ઉઠ્યા. તેમણે તરતજ એક યાત્રાની તૈયારી શરૂ કરી દીધી. નવ લાખ શાલિગ્રામો નો કાફલો લઈ, દૂર રહેલા ગ્રહ પર વસવાટ માટે. આ કાફલાનું નેતૃત્વ શિવ સમક્ષ રજૂઆત કરનારા શાલિગ્રામે, તેમજ તેના જેવા જ તેજોમય આભામંડળ ધરાવતા શાલિગ્રામોએ લીધું. રજકણથી પણ હલકા, આગિયાથી પણ સૂક્ષ્મ એવા પ્રકાશકણોને યાત્રા માટે કોઈ અવકાશયાનની જરૂર નહોતી. તેઓ પોતાના સ્વ- બળે એટલે કે સંકલ્પ બળથી પોતાની દુનિયાથી નવી દુનિયામાં પહોંચી શકે એમ હતા. આમ એક અદ્ભુત, અકલ્પનીય ઘટનાઓની હારમાળાઓનો આરંભ થયો, કે જેમાં આ પ્રકાશકણ યાત્રીઓને ખબર નહોતી કે તેઓ ઘણા લાંબા સમય સુધી પોતાની દુનિયા, પોતાના ઘરે પાછા નહીં ફરી શકે.

## ૨. રાજધાની

ઘરની તલ્લીનતા છોડીને નીકળી પડેલા પ્રકાશકણ યાત્રીઓ શ્વેત – પ્રકાશમય વતન – સૂક્ષ્મ વતન કે જેનાથી તેઓ પરિચિત હતા, તે પસાર કરીને સ્થૂળ વતનના અવકાશમાં પ્રવેશ્યા. આ સ્થૂળ વતન આપણી પૃથ્વી જેવુ જ હતું, પરંતુ તાજેતરમાં જ બનેલું, નીલવર્ણી પારદર્શક સમુદ્ર, હરિતવર્ણી ધરણી – પુષ્કળ વૃક્ષ વેલાંઓથી ભરપૂર અને અત્યાધિક સુંદર પુષ્પોથી છવાયેલું! ત્યાં એક જ ખંડ હતો, ચારે બાજુ સમુદ્રથી ઘેરાયલો, અને આ ગ્રહની કક્ષા સીધી હોવાને કારણે ત્યાં હમેશા એક જ ઋતુ રહેતી – બારેમાસ વસંત ઋતુ. જ્યારે શાલિગ્રામો નો કાફલો ત્યાં પહોંચ્યો, તેઓ આ ગ્રહની સુંદરતાથી અંજાઈ ગયા, કારણ કે તેમની કલ્પનાથી અનેકગુણા અદ્ભુત હતું – સાક્ષાત સ્વર્ગ.



ધરતી પર જ્યાં-ત્યાં સોનુ આસાનીથી મળી આવતું હતું, હીરા માણેકના ઢગલા જ્યાં-ત્યાં પડ્યા હતા. ધરતીના પટ ઉપર સ્વરછ, નિર્મળ પાણીની નદીઓ વહેતી હતી. ધરતીનું તાપમાન; તાપ પણ ન લાગે અને ઠંડી પણ ન લાગે એવું સૌને માફક આવે તેવું હતું. ગ્રહની પોતાની ધરા પરના પરિભ્રમણથી, રાત્રિ પછી દિન, અને દિન પછી રાત્રિ, એમ

ચાલ્યા કરતું હતું. આ બધુ નિરીક્ષણ કર્યા બાદ શાલીગ્રામોએ  તુરત જ પડાવ નાખ્યો. પરંતુ એક સમસ્યા હતી, આ ગ્રહ ના વાતાવરણમાં રહેવા અને કાર્ય કરવા તેમણે વાતાવારણ ને અનુકૂળ સ્વરૂપ લેવું પડે! તેઓ પોતાની દુનિયાના સ્વરૂપે કાર્ય કરી શકે નહીં.  સંકલ્પ દ્વારા વાર્તાલાપ કે સ્થળાંતર આ ગ્રહમાં શકય નહોતું. ગ્રહ ને અનુરૂપ પરિવેશ એટલે કે, ગ્રહના તત્વોથી બનેલું શરીર લાવવું ક્યાંથી? શરીરરૂપી પહેરવેશ બનાવવા માટે પણ પહેરવેશ જોઈએ! આ શાલિગ્રામો માટે ઘણાબધામાંની સૌથી મુખ્ય અડચણ હતી કે જેનો નીકળતા પહેલા વિચાર જ કર્યો નહતો. શિવ પિતાએ પણ આ વિષે કોઈ તાકીદ કે ઉલ્લેખ કર્યો નહોતો.

હવે તેમના માટે ગ્રહના  વાતાવરણમાં ઉતારવા અને શકય એવો પ્રયત્ન કરવા સિવાય કોઈજ ઉપાય નહોતો. સૌનું નેતૃત્વ લેનાર શાલિગ્રામે પહેલો વહેલો પ્રવેશ કર્યો. તેને જેવો વાતાવરણમાં પ્રવેશ કર્યો, તેને ખુબજ જાણીતો ખેંચાણનો તેમજ કોઈ આહ્વાન કરતું હોય તેવો ભાસ થયો. તેને સંકલ્પના ઉદગમ સ્થાન ને શોધી કાઢ્યું.

તેને પહેરવેશવાળા શાલિગ્રામો મળ્યા, કે જેમને શિવપિતાએ અગાઉથી મદદ માટે તૈયાર રાખ્યા હતા. પ્રમુખ શાલિગ્રામ કે જેનું નામ કૃષ્ણ હતું, તેને બનાવેલા પહેરવેશમાં પ્રવેશ કર્યો અને આમ એ પ્રકાશકણ યાત્રી, શરીરવાળો જણ બની ગયો. તેણે પૂછ્યું, “તમે લોકો અહી શું કરો છો?,” “શિવપિતાએ પારખ્યું કે નવા ગ્રહ પર રહેવા તમારે પહેરવેશની જરૂર પડશે એટલે એમણે અમને પહેરવેશ તૈયાર કરવા માટે મોકલ્યા,” ફરી ઉમેર્યું, “અમે અમારું કામ કરીને ઘરે પાછા ફરીશું, પણ તમે વસવાટ માટે સૌથી સરસ સ્થળની પસંદગી કરી છે. અમે તમારા માટે સોનાના  મહેલ પણ બનાવી રાખ્યા છે.”

ટૂંક સમયમાં જ કૃષ્ણએ પોતાનું શરીર ચલાવતા શીખી લીધું. એનું શરીર તાજા અને સ્વચ્છ તત્વોનું બનેલું હોવાથી ખુબજ સુંદર, આકર્ષક અને શક્તિસભર હતું. આ શરીરમાં બે આંખોની ભવા વચ્ચે કપાળમાં બેસવાની જગ્યા હતી, જ્યાં બેસીને તે આખા શરીર ને ચલાવી શકે. એક કમ્પ્યુટર જેવુ મગજ પણ હતું, જેના ઉપયોગ દ્વારા કૃષ્ણ શરીરના અંગો ને આદેશ આપતો હતો અને કાર્ય કરાવતો હતો.

એ પછી બીજા પ્રકાશકણ યાત્રીઓ પણ ઉતરી આવ્યા એમને પણ કૃષ્ણ જેવાજ ચાલક વાહન રૂપી શરીર આપવામાં આવ્યા, જે એમણે પહેરી લીધા, અને તેને ચલાવવાનું શીખવા લાગ્યા. આ શાલિગ્રામોએ શરીરની અંદર બેસી રહેવાનુ ફરજિયાત હતું જ્યાં સુધી એમણે આ ગ્રહ પર રહેવું હોય. તેમ છતાં પણ, એક પણ શાલિગ્રામને, એક પણ ફરિયાદ નહોતી, કારણ કે એમને મળેલા

શરીર ખુબજ આરામદાયક, કાર્યક્ષમ અને આકર્ષક હતા. શરીર એમના માટે, એમની સાહસયાત્રામાં સૌથી શ્રેષ્ઠ અનુભવ હતો. શરીરને ચલાવવામાં એમને ખુબજ મજા આવતી હતી, એમણે નક્કી કર્યું, આપણે અહીંજ રહીશું.

કૃષ્ણ જેટલો જ એક અન્ય પ્રભાવશાળી પ્રકાશકણ હતો, તેનું નામ રાધા. તેઓએ હવે સંકલ્પબળ દ્વારા નવા શરીર બનાવવાનું પણ શીખી લીધું, જેથી વધુ શાલિગ્રામોને આ નવા ગ્રહ, આ નવી દુનિયાના અનુભવો અપાવી શકાય. એમણે નક્કી કર્યું, આપણે આપણી ભવ્ય વસાહત અહીં સ્થાપીશું.

એ લોકો વિચારવા લાગ્યા, “આપણે આ સ્થાનને શું નામ આપીશું?,” રાધાએ સુઝાવ આપ્યો, “આપણે આ જગ્યાને નામ આપીએ ‘બહારત’ .” આ નામ બોલવાનું ગમ્યું, કારણ કે બોલતી વખતે એક નવીન અવાજ કાન ને સાંભળવા મળ્યો. બધા શાલિગ્રામોએ એકીય અવાજે આ નામ પોકાર્યું, અને કૃષ્ણને પોતાનો રાજા બનાવ્યો. તેઓ જેટલા પોતાના પ્રકાશના  ઘરમાં શાંતિપૂર્વક, હળી-મળી ને રહેતા હતા, તે જ પ્રકારે અહીં પાંચ તત્વોની દુનિયામાં પણ રહેવા લાગ્યા. દરેક પોતાને મળેલું કાર્ય ખુબજ ઉત્સાહ અને ઉમંગ સાથે કરતાં હતા. તેમણે મહેલો બાંધ્યા, ઉડતા વાહનો બનાવ્યા જે સંકલ્પબળથી ચાલતા. દિવ્ય તેમજ તીવ્ર બુદ્ધિ હોવાને કારણે તેમણે જરૂરી બધાજ સાધનો અને વ્યવસ્થાઓની ટૂંક સમયમાં જ રચના કરી લીધી. અને પછી તો મગજ કમ્પ્યુટરના  ઉપયોગથી વિવિધ રમતો રમવા લાગ્યા, કયારેક શબ્દોની રમત, જેનું નામ ‘કાવ્ય’ રાખ્યું, કયારેક સ્વરની રમત, જેનું નામ ‘સંગીત’ રાખ્યું, કયારેક હાથ-પગ અંગો વડે થતી રમત, જેનું નામ રાખ્યું ‘નૃત્ય’. આખો દિવસ, અરે! આખું જીવન જ એમણે રમત – ગમતથી ભરી દીધું.

દિવસે જ્યારે તેઓ સૂર્યને જોતાં હતા ત્યારે એમને તેમના પિતાની યાદ આવી જતી હતી, અને રાત્રે જ્યારે તારા જોતાં હતા ત્યારે તેમને એમના બીજા ભાઈઓ જે હજુ પ્રકાશની દુનિયામાં રહેતા હતા તેઓની યાદ આવી જતી હતી. આમ તેઓ હર હમેશ આનંદ-મંગલમાં રહેતા હતા, કારણકે આકાશમાં તેઓના સ્વજનોના યાદગાર હાજર હતા.

પ્રકાશકણો સુખની શોધમાં સફળ રહ્યા, અહીં અદ્ભુત સુંદરતા, વૈભવ સંપતિ અને ભરપૂર સંવાદિતા હતી, કોઈ અપ્રાપ્ય વસ્તુ નહોતી તેમની નવી દુનિયામાં.

સૌ પ્રથમ કૃષ્ણ અને રાધાએ પ્રત્યેક સંતુષ્ટ રહે, અને બીજું, દરેક ને એમની ગમતી અને યોગ્ય પ્રવૃતિ મળી રહે, એ વાતને પ્રાથમિકતા આપી. ત્યાર બાદ તેઓએ નવા પરિવેશ બનાવાવની વ્યવસ્થા ઊભી કરી, જેથી તેમના ઘરે રહેતા ભાઈઓ આ અદ્ભુત દુનિયાનો અનુભવ લઈ શકે. એમની પરિવેશ બનાવવાની પદ્ધતિ અનેરી હતી. બે જણના મનોબળના  સહયોગથી, જેમાં એકની પાસે પરિવેશ બનવાવનું અંગ હતું તેમાં તૈયાર કરવામાં આવતો. આ જણને સ્ત્રી નામ આપ્યું. જેવો પરિવેશ તૈયાર થઈ જાય ત્યારે બંને પ્રબળ સંકલ્પ મોકલીને ઉપર મૂળ વતનમાં રહેલા પ્રકાશકણ શાલિગ્રામને નિમંત્રણ

આપતા. સૌથી વધુ ઉત્સુક પ્રકાશકણ આવી પહોંચતો.

એક નવા આવેલા ભાઈએ કહ્યું, "આ તો મહેલ જેવુ છે," જેને નિમંત્રણ આપ્યું હતું તેણે કહયું, "આ તો બહુ નાનો મહેલ છે, તું આ ગ્રહને અનુરૂપ પરિવેશ ધારણ કર આરામથી, પછી બહાર આવી ને જોજે, આપણાં રહેવા માટે ઘણા વિશાળ મહેલો બનાવેલા છે."

કૃષ્ણએ બીજા સાથીદારો સાથે મળીને દુનિયાના વિવિધ સ્થળોની મુલાકાત લેવાનું આયોજન ઘડી કાઢ્યું. આ ગ્રહ ઉપર ઘણા દ્વીપો હતા, ત્યાં જવા માટે તેમણે ઉડતા વાહનો બનાવ્યા, કોઈ સુવર્ણ હંસ જેવા, તો કોઈ સુવર્ણ મોર જેવા. કૃષ્ણ અને રાધાના સહિયારા પ્રયાસોથી અભિભૂત થઈ બધાએ તેમને મહારાજા અને મહારાણીનું પદ આપ્યું, અને તેમના નામ રાખ્યા, નારાયણ અને લક્ષ્મી.

શતાબ્દિ સુધી  બંનેએ રાજ્ય કારભાર સંભાળ્યો. ગ્રહના તત્વોથી બનેલા પરિવેશની એક સમય મર્યાદા હતી, જેના પછી એની કાર્યક્ષમતા સમાપ્ત થઈ જતી, ત્યારે તેને સમાપ્ત કરીને નવો પરિવેશ લેવું પડે તેમ હતું. આને માટે, લક્ષ્મી – નારાયણે, બીજા સાથીદારોમાંથી જે વધુ યોગ્ય હોય તેમને નેતૃત્વ સોંપી જૂના પરિવેશ નો ત્યાગ કરી, નવો પરિવેશ મેળવ્યો. આશરે એક પરિવેશ દોઢસોથી બસો વર્ષ સારી રીતે કામ કરતો હતો. જેવુ પરિવેશનું આયુષ્ય સમાપ્ત થઈ જતું, શાલિગ્રામ શાંતિથી બેસીને મનોબળ વાપરી એમાંથી બહાર કૂદકો લગાવી દેતો અને નવા તૈયાર થયેલા પરિવેશમાં પ્રવેશી જતો. ખાલી પડેલા પરિવેશને આગથી પુનઃ ગ્રહના  પાંચ તત્વોમાં રૂપાંતરણ કરી દેવામાં આવતો. આ વ્યવસ્થાથી ગ્રહોના  પાંચ તત્વોનું સમતોલન અને માપન જળવાઈ રહ્યું અને નવા પરિવેશ બનાવવામાં પુનઃ વાપરી શકાયું.

સમય પોતાનું કામ કરતો ગયો, વર્ષો શતાબ્દિઓ, સહસ્ત્રાબ્દિઓ વીતવા લાગી. વધુ પરિવેશો, વધુ શાલિગ્રામો નવી વસાવેલી દુનિયામાં આવતા ગયા. વિશ્વ મોટું થવા લાગ્યું. ધીમે – ધીમે લાખો શાલિગ્રામો વધીને કરોડો થઈ ગયા. એક સમયે વિશ્વમાં શાલિગ્રામોની સંખ્યા તેત્રીસ કરોડ થઈ ગઈ. સોનુ ઓછું પડતાં, હવે મહેલો બનાવવામાં ચાંદી નો ઉપયોગ થવા લાગ્યો. સુચારૂ રાજય કારોભાર માટે ઘણા નાના રાજ્યો અને તેમની સંભાળ માટે રાજા-રાણી નિયુક્ત કરવામાં આવ્યા.

તેઓ એકબીજાને પરિવેશ સ્વરૂપમાં નહીં, પણ પોતાની મૂળ સ્થિતિ પ્રકાશકણ સ્વરૂપે જ એકબીજા સાથે વ્યવહાર વર્તન કરતાં હતા. તેમ છતાં, પરિવેશમાં રહેતા-રહેતા, હવે તેઓ પરિવેશ મેળવીને એટલા ઉત્સુક નહોતા જેટલા રાજધાની સ્થાપનાની શરૂઆતમાં હતા.

## ૩. પલટાવ

એક સમયે, નવી વસાહત સ્થપાયાના લગભગ ૨૫૦૦ વર્ષ બાદ, એક ઘટના બની જેણે પરિવર્તનનો વાવંટોળ લાવી દીધો. પણ આ પરિવર્તને એમનું ઘણુબધું છીનવી લીધું, શાલિગ્રામોએ પોતાની શક્તિ ગુમાવી દીધી,

બુદ્ધિ નિર્બળ બની, શાંતિ અને સુખ નું રાજ્ય પણ છિન-ભિન્ન થઈ ગયું.

વિક્રમ નામના શાલિગ્રામ કે જે તે સમયે રાજા હતો તેણે બીજા શાલિગ્રામ કે જેની પાસે સ્ત્રીનું પરિવેશ હતું, તેને કહ્યું, "મને તારો પરિવેશ ગમ્યો, મને વાપરવા આપ," સ્ત્રી શાલિગ્રામે પૂછ્યું, "શું તું તારો પોતાનો પરિવેશ છોડીને મારા પરિવેશમાં ઘૂસી જઈશ?," વિક્રમે કહ્યું "બિલકુલ નહીં, હું ફક્ત તારા પરિવેશને મારા પરિવેશ ના હાથ વડે વાપરીશ."

વિક્રમનું સમગ્ર ધ્યાન ભાઈ શાલિગ્રામથી હટીને, તેના અલગ જણાતા પરિવેશ અને તેના બાહ્યરૂપ પર રહેવા લાગ્યું, આ પરિવર્તન સ્ત્રી રૂપવાળા શાલિગ્રામને ગમ્યું નહીં, તેણે કહ્યું, "કેટલું અવિચારી." આમ સૌ પ્રથમ દુર્ભાગ્ય શબ્દોને ભારતના ઇતિહાસમાં બોલાયા. વિક્રમે કહ્યું, "મારું શરીર તારા શરીર કરતાં સારુ છે." આમ, સૌ પ્રથમવાર (દેહ-અભિમાન) અહંકારનો પ્રવેશ થયો. મનમાંને મનમાં વિક્રમે નક્કી કર્યું, માટે દેહને છોડવો નથી. આમ અહંકાર પછી મોહ પણ શાલિગ્રામો ના જીવનમાં સમાઈ ગયો. "મારે જ્યાં સુધી આ શરીર ચાલી શકે, ત્યાં સુધી માં શકય તેટલા બધા અનુભવ કરી લેવા જોઈએ," તેણે નક્કી કર્યું.

એવું નહોતું કે વિક્રમને જ આવા ખ્યાલો આવતા હતા, બધાજ પુરુષ શરીરધારી શાલિગ્રામોનો હાલ પણ વિક્રમ જેવો જ થઈ ગયો હતો. હવે તો તેમણે શરીરને ચલાવવાનું કામ પણ, સ્વચાલક શક્તિ અજાગ્રત મનને સોંપી દીધું, અને પોતે આરામ કરવા લાગ્યા. અને પછી તો બધાંજ શરીરને આકર્ષતી રમત રમવામાં મશગુલ થઈ ગયા, આના પરિણામે, શાલિગ્રામોએ એમની સંકલ્પબળથી થતાં વાર્તાલાપ અને સંદેશની આપ-લેની શક્તિ ગુમાવી બેઠાં.




અને એક દિવસ એવો આવ્યો જ્યારે શરીરનો ચાલક તે મન જ બની બેઠો, શાલિગ્રામો શરીર પરનો અધિકાર ગુમાવી દીધો. સાથે સાથે એકબીજાને શાલિગ્રામ તરીકેની ઓળખ પણ ભુલાઈ ગઈ, તેઓ પોતાને શરીર સમજી બેઠા, જેને ચલાવનાર મન હતું, તે પોતે નહીં.

એક શરીર, બીજા શરીરને હુકમ કરવા લાગ્યું, પ્રકૃતિપરનો અધિકાર પણ ધીરે ધીરે ઓછો થઈ ગયો. શાલિગ્રામો અસમંજસ નો અનુભવ કર્યો, તેઓ એકબીજા પર ક્રોધ, ઈર્ષ્યા, અયોગ્ય વ્યવહાર કરવા લાગ્યા. ભાઇચારાની લાગણી સમાપ્ત થઈ ગઈ. આવા સામૂહિક ઘાતકી, વિચ્છેદિક મનોબળની અસરથી ગ્રહ પરની ધરતી જે એક હતી તેના ભાગલા પડી

ગયા, ધરતી ખંડિત થઈ ગઈ અને ખંડો રચાઇ ગયા. પ્રાકૃતિક તોફાનોમાં મહેલો નેસ્તનાબુદ થઈ ગયા. મોટા ભાગના વિશ્વમાં સુખ સુવિધાના સાધનો પણ નાશ પામ્યા. સંપત્તિ – સમૃદ્ધિ ખત્મ થઈ ગઈ, ફક્ત થોડા ભાગ પૂરતી રહી. આટલી બધી પ્રકૃતિક ઘટનાઓથી વિચલિત શાલિગ્રામોને વ્હાલા પિતાની યાદ આવી કે જેઓ દૂર અલગ પરિમાણમાં રહેતા હતા, અને જેમણે કહ્યું હતું, "જરૂર પડે ત્યારે મને યાદ કરજો." પોકાર સાંભળીને શિવપિતાએ સંદેશવાહક મોકલ્યો.

સંદેશવાહક આવીને પૂછ્યું, " બોલો ઘરે પાછા જવું છે?," શાલિગ્રામે અથવા તો કહોને કે શરીર પર કબ્જો બનાવી બેઠેલા સ્વચાલક બળ – મન બોલ્યું, "આમ તો હજુ અમારે અહીં રહેવું છે, બસ અમારી મુશ્કેલીઓ દૂર કરી આપો."

શાલિગ્રામો, પોતે શાલિગ્રામ – પ્રકાશકણ છે, એજ ભૂલી ગયા હતા. પોતે જેમાં રહેતા હતા તે શરીર છે એમ માનવા લાગ્યા હતા. તેઓ અભાન, સ્વઓળખ – અભાન બની ગયા હતા. આત્માની અનંત શક્તિઓ બુઠી થઈ, વિછિન્ન થઈ. તેઓના મનની શક્તિઓ વિભાજિત થઈ, જાગ્રત મન કે જેની પાસે ફક્ત ૧૦% ભાગ આવ્યો તેણે મોટા ભાગના સમયની સંકલ્પ કરવાની અને શરીર ચલાવવાની કામગીરી સોંપી દેવાથી શરીરની કાર્યક્ષમતા પર માઠી અસર પડી.

જેમ જેમ સમય અંતરાલ વધતો ગયો, કે જ્યારથી શાલિગ્રામો નવી દુનિયાના આકર્ષણથી પ્રેરાઇને પ્રકાશની દુનિયાથી આ ગ્રહ પર આવ્યા હતા, પરંતુ પાછળથી આવનારી મુશ્કેલીઓથી અજાણ હતા, તેમ-તેમ તેઓની સંકલ્પ શક્તિનો હ્રાસ થવા લાગ્યો. શરીર - પરિવેશ રચના ચાલુ જ હતી, પરંતુ હવે આ રચના શારીરિક બળથી થતી હતી કારણકે સંકલ્પ બળ થી રચનાની ક્ષમતા લુપ્ત થઈ ગઈ હતી.

સ્વભાવિક રીતે જ નવા આગંતુક શાલિગ્રામો વધારે પ્રખ્યાત અને આકર્ષણ પ્રેરનારા હતા, કારણકે તેમની પાસે મિશ્રણ વગરની શક્તિઓ હતી, મૂળભૂત સ્વરૂપમાં હતી. નવા આવેલા શાલિગ્રામોએ પૂર્વે આવેલા શાલિગ્રામોને યાદ કરાવ્યું કે, આપણે મૂળભૂત રીતે કેવા હતા. પરંતુ, વિસ્મૃતિને લીધે પોતાની અડધી આત્મશક્તિ વાપરી નાખેલાં શાલિગ્રામોને કશું જ યાદ આવ્યું નહીં, એમણે જેમ ચાલતું હતું, તેમ જ ચાલવા દેવાનું નક્કી કર્યું.

ઘણા નવા આગંતુકો અનઅપેક્ષિત જીવન નિહાળીને હચમચી ગયા. હવે આ ગ્રહ પર વિજ્ઞાન અને ઈજનેરી વિધ્યા વિસરાઈ ગઈ હતી, અને તેનાથી બનેલા સાધનો પણ લુપ્ત થઈ ગયા હતા. લોકો સંપતિહીન, અવગુણયુક્ત બની ગયા હતા, હંમેશા જયા વસંત ઋતુ રહેતી હતી, પ્રકૃતિ જ્યાં મહેરબાન હતી, તે પણ હવે આક્રમક બની ગઈ હતી. વસંત ઋતુ રહેતી, પરંતુ થોડા સમય માટે, બાકીના સમય ગાળામાં બીજી ઋતુઓ પાનખર, શિયાળો, ઉનાળો એમ વર્ષ પ્રતિ વર્ષ બદલાવ આવતો હતો. શિયાળામાં અનહદ ટાઢ, તો ઉનાળામાં સખત તાપ રહેતો. એક રાજય, એક ભાષાના બદલે, અનેક ભાષા, અનેક રાજ્ય સ્થાપિત થયા

હતાં. અનેક એવી વસાહતો પણ સ્થપાઈ હતી, કે જેઓ ક્યારેય એકબીજાના સંપર્કમાં આવી શકે તેમ નહોતા. શાલિગ્રામો, ભાઈ-ભાઈ એક કુટુંબના વિખૂટા પડી ગયા.

મન પર જોર લગાવીને દુ:ખી અને નાહિમ્મત બનેલા શાલિગ્રામોએ દુ:ખમાંથી બહાર આવવા માટે પોતાની ભવ્ય ભૂતકાળની યાદો કથા સ્વરૂપે લખી, ચિત્રો બનાવ્યા. પરંતુ દુર્ભાગ્યવશ અનેક સંપ્રદાયમાં વહેંચાયેલા શાલિગ્રામોની કથાનો સાર ભલે એક હતો, પણ કથાઓ અલગ, પાત્રો અલગ, અને વિગતમાં ઘણુંબધું અંતર હતું.

## ૪. ઘોર અંધકાર

સમયે – સમયે, પ્રખર શક્તિવાળા શાલિગ્રામ ધરતી પર આવતા, અને શિવ પરમપિતાનો સંદેશ જણાવતા. આના પ્રભાવે વિસ્મૃત બનેલા શાલિગ્રામોને અનેક વિચારો આવતા. કોઈને કોઈ યાદગાર ને લીધે તેઓ પરમપિતાને અનેક નામે યાદ કરવા લાગ્યાં, પોકારવા લાગ્યા, હે ઈશ્વર, હે ભગવાન, હે પ્રભુ, હે જેહોવા, અલફ વગેરે. તેમને એટલી તો ખાત્રી હતી કે એમની પાસે ભલે શરીર નથી, તેમ છતાં તે જોઈ શકે છે, સાંભળી શકે છે, પરંતુ, પરમપિતા ક્યાં રહે છે?, શરીર વગર કઇ રીતે સાંભળે?, જુએ?, કઈ રીતે મદદ કરે છે?, તે સમજી શક્યા નહીં, આ રહસ્ય કોઈ ઉકેલી શક્યું નહીં.

પ્રથમ આવેલા નવ લાખ શાલિગ્રામ સમુહમાંથી, એકે, સ્મૃતિને આધારે અશરીરી શાલિગ્રામના શિરોમણીની પ્રતિકૃતિ બનાવી. ત્યારબાદ સમયાંતરે પ્રથમ વિશ્વ મહારાજન અને મહારાણીના ચિત્રો પણ બનાવ્યા, તેમના ચેહરા-મહોરાની સરખામણી પોતાના ચહેરા સાથે કરતાં તેમને લાગ્યું કે, જરૂર આ પ્રકૃતિપતિ, ગુણવાન, શક્તિવાન લોકો જે પહેલા આ ગ્રહ પર રહેતા હતા, તે હવે આકાશના કોઈ બીજા તારા, કે ગ્રહ પર રહેતા હોવા જોઈએ, અને આપણે તેમનો સંપર્ક કરી શકવા જોઈએ. તેઓ સંકલ્પની ભાષા તો સમજી શકતા હશે. બની શકે કે કોઈ આપણી પોકાર, સંવેદનાના પ્રત્યુતરમાં અહીં આવી પહોંચે અને આપણી મદદ કરે. તેમનું આહવાન કરવા માટે તેમણે મૂર્તિઓ બનાવી, તેઓ જેટલા ભવ્ય સ્થાન પર રહેતા હતા તેવા સ્થાન બનાવી અને મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી. તેઓ મૂર્તિઓની પુજા, અર્ચના, પ્રાર્થના, આજીજી કરવા લાગ્યા. મૂર્તિઓ માટે તેમની મહિમા વર્ણવતા અનેક ગીતો બનાવ્યા અને ગાવા લાગ્યા. ત્વરિત સહાયની આશા અપેક્ષા માટે તેઓ મૂર્તિઓ સમક્ષ નૃત્ય પણ કરતાં. સર્વ પ્રથમ પ્રચલિત શરીર ધારણ કરનાર પ્રકાશકણ - શાલિગ્રામ કૃષ્ણનું નામ ચારેકોર ગુંજવા લાગ્યું, પણ શાલિગ્રામ તરીકે નહીં, એક દેહધારી, સર્વગુણ સંપન્ન, શક્તિશાળી વ્યક્તિ તરીકે.

આ દરમ્યાન નવા પધારેલા શાલિગ્રામો કે જેઓ અદ્ભુત, સુંદર, નયનરમ્ય, પ્રકૃતિની ગોદના અનુભવ મેળવવાની અપેક્ષાએથી અહીં આવ્યા હતા, પરંતુ વિપરીત પરિસ્થિતિ નિહાળી તેઓ વિચલિત અને વિહવળ થઈ ગયા હતા. તેમને વૈરાગ્ય આવી જતું હતું, જેથી તેઓ વસાહત છોડીને જંગલમાં રહેવા ચાલી ગયા. જંગલમાં તેઓ શાંતિની શોધના વિચારે આસન જમાવી બેસી ગયા. ગહન

વિચાર સાધનાના પરિણામે તેમને સમજાયું' "આપણે આત્મા છીએ, આ દેહ નહીં." એકે બીજાને પૂછ્યું, "અને આત્મા શું છે?," "નેતી, નેતી," "મને ખબર નથી, પરંતુ ચોક્કસપણે આપણે દેહ તો નથી જ."



કોઈને લાગ્યું, "કદાચ, આત્મા, પરમાત્મા છે." આ વિચાર ઘણાને યોગ્ય લાગ્યો, "આત્મા સો પરમાત્મા" એમ તેઓ માનવા લાગ્યા. આપણે, આપણી અંદર પરમાત્માની ખોજ કરવાની છે.

નવી નવી વિચારધારા અને માન્યતાઓ ઉદભાવી, જે વિચારધારામાં મોટાભાગના લોકો માનતા તે પ્રબળ બનતી જતી, અને પછી વિરુદ્ધ વિચારધારાવાળા સમૂહો વચ્ચે લડાઈ, ઝગડા, મારામારી થવા માંડી. જે વસાહત પાસે વધારે બળ હતું, તેણે બીજી વસાહતો પર હુમલા કર્યા, અને "ભગવાન તને માફ નહીં કરે," "તારું જીવન સમાપ્ત થવું જોઈએ" એવા વચનો કહેવા લાગ્યા.

યુદ્ધ પણ શરૂ થઈ ગયા. યુદ્ધમાં અનેક શરીરો ખત્મ થઈ જતા, પોતાના કણ સ્વરૂપ થી અજાણ શાલિગ્રામોએ ફરી ફરી નવા શરીર લેવા પડતાં, શરીર નું ટકાઉપણું અડધું થઈ ગયું, જે એક સમયે દોઢસો થી બસો વર્ષ ચાલતું, તે હવે સોથી પણ ઓછા વર્ષ ચાલતું.

જેટલીવાર દેહ છૂટતો, શાલિગ્રામ પોતાના મૂળ સ્વરૂપમાં આવતો, પરંતુ દેહનો મોહ એટલો પ્રબળ હતો કે, ફરી ફરી દેહ લેવા પ્રેરાતો અને લેતો. જેવો દેહ મળે એટલે દેહને માટે, પોતાનો મોટા ભાગનો સમય ફાળવતો, દેહના આધારે ખુશી મેળવવાનો, બીજાના ભોગે ખુશી મેળવવાનો, કોઈપણ ભોગે સફળતા પામવાનો, વગેરેને તેમણે સ્વભાવ બનાવી દીધો. જ્યારે તેમની ઇચ્છા મુજબ ઘટના ન બનતી ત્યારે ગુસ્સો કરવા લાગ્યો. સમાજ ઉદારતાથી ખસકીને, શ્રેષ્ઠતા ગુમાવીને ભ્રષ્ટ બની ગયો.

હવે, ખૂબ સંખ્યામાં પ્રકાશની દુનિયાથી શાલિગ્રામો ગ્રહ પર આવવા લાગ્યા. બધાને ખૂબ ઉત્સુકતા હતી કે નવી દુનિયા કેવી હશે, અને તેઓ કેવા અનુભવો મેળવશે. ધીમે ધીમે કરતાં આખી પ્રકાશની દુનિયાના શાલિગ્રામો ગ્રહ પર આવી ગયા. પરંતુ શિવપિતા અચલ, અડોલ, પ્રકાશની દુનિયામાં જ રહ્યા. એમને પહેલેથી બધાજ ઘટનાક્રમોની જાણ હતી, એટલુજ નહીં, તેમણે તેમના ગ્રહ પર આગમનના, તેમજ શાલિગ્રામોને મદદ કરવાના સામયની પણ ખબર હતી. તેઓ ઉપયુક્ત સમય ક્ષણ ની પ્રતિક્ષામાં રહયા, સાક્ષી બનીને બનતી ઘટનાઓ જોતાં રહ્યા. એમને સંપૂર્ણ ખાત્રી હતી, મારા બાળકો, મારા શાલિગ્રામ બચ્ચાઓ અવિનાશી છે. દેહભાન,

દેહના મોહની વિસ્મૃતિ થતાંજ તેઓ હેમખેમ, ક્ષેમકુશળ ઘરે પાછા ફરી શકશે.

## ૫. અંતિમ સમય

હવે આ ગ્રહ પર ભીડ વધી ગઈ હતી. કારણકે, પ્રકૃતિ, સંપત્તિ, સમૃદ્ધ સ્થાનો, ખૂબ ઓછા થઈ ગયા હતા. બધાને સુખ સગવડવાળી જગ્યા પર રહેવું હતું. નવા બનતા શરીરની ક્ષમતા પણ ખૂબ ઘટી ગઈ હતી. શરીર વારંવાર બિમાર થતાં, શારીરિક ખોડ-ખાંપણવાળા બનતા હતા.

તાજેતરમાં આવેલા શાલિગ્રામોએ પોતાની સંકલ્પ શક્તિના ઉપયોગથી લુપ્ત થયેલી વૈજ્ઞાનિક તેમજ ઈજનેરી અને તકનીકી જ્ઞાન, વિધ્યા અને સાધનોની શોધખોળ કરી વિજળી અને સંદેશાવહનના તારોની જાળ, અને સાધનોથી, તેમજ જળ, સ્થળ, હવામાં ચલાવી શકાય તેવા વાહનોની શોધથી શાલિગ્રામો ફરીથી એકબીજાના સંપર્કમાં આવ્યા. પરંતુ, એકબીજા ન ઓળખી શકવાને કારણે, લડતાં - ઝગડતાં રહ્યા. ગ્રહને નુકશાન પહોંચાડે તેવા શસ્ત્રોથી યુદ્ધો કર્યા. ક્ષણમાં શરીરને નકામું બનાવી દેવાય તેવા હથિયાર બનાવ્યા અને વાપર્યા. શાંતિ, પોતાની ઓળખ મેળવવાને બદલે, વૈજ્ઞાનિક શોધોનો ઉપયોગ એકબીજા પર હુકમ, હક જમાવવા માટે કર્યો. શરીર નકામું બને તે ઘટના ને 'મૃત્યુ' નામ આપ્યું. અને જ્યારે આવું થતું ત્યારે તે શાલિગ્રામ વિનાશને પામ્યો એવું પણ માનવા લાગ્યા. 'આત્મા' ની ખોજ થંભી ગઈ. સ્થળ, જળ, ચોખ્ખી હવા માટે પણ પડાપડી થવા લાગી. સ્વાર્થીપણા ની હદ ત્યારે આવી જયારે, સ્થળ, જળ, હવા જે પ્રકૃતિજનિત છે તેનો પણ વ્યાપાર કરવા લાગ્યા. ગ્રહ પરના તત્વોની ક્ષમતા પણ પુરી થવાના આરે આવી પહોંચી. ઘણી નવી શોધો થઈ, પણ સુરક્ષાની ચોકસાઇ ૧૦૦ ટકા નહોતી. વિમાનો હતા પણ ખૂબ અવાજ કરે એવા. પ્રકૃતિને જેટલો સમજવાનો પ્રયત્ન કરતાં, એટલી એમની ખરાબ મનોવૃત્તિ, વ્યાપારી નીતિને કારણે પ્રકૃતિ સહકાર નહોતી આપતી.

જીવન નર્ક સમાન બની ગયું હતું. મિત્રતાને બદલે દ્વેષથી લોકો એકબીજાને જોતાં હતા પુરુષ શરીરધારી સ્ત્રી શરીરધારીને નિમ્ન કક્ષાના ગણતાં હતા. ગોરા રંગની ચામડીવાળાને, કાળા રંગની ચામડીવાળા ને ઘૃણા ભાવથી જોતાં હતા. સુંદર બગીચા સમાન ગ્રહ, વાગે એવા કાંટા ભરેલા જંગલ સમાન બની ગયો હતો.

આવા સમયમાં, બહુ થોડા શાલિગ્રામોને ઊંડા વિચાર કરતાં લાગ્યું કે, ગ્રહ પરની દુનિયા આવી નહોતી, જરૂર એક સુવર્ણકાળ હતો, જયારે અહીં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ભાઈચારો વ્યાપક હતો. અંતરમનમાં એમનો વિશ્વાસ જાગૃત થયો કે, કોઈક છે, જે નર્ક સમાન વિશ્વને સ્વર્ગ સમાન બનાવી શકશે, દુ:ખની દુનિયા માંથી સુખની દુનિયા ઘડી શકશે. પ્રકૃતિના ભંડારો ફરીથી ભરાઈ જશે, પણ એ કોણ છે? કયાં છે?

પહેલો-વહેલો શાલિગ્રામ, કે જે તે સમયે કૃષ્ણ હતો, અને ૮૪ અલગ-અલગ શરીર લીધા પછી સામાન્ય તેમજ પોતાના સ્વરૂપથી અજાણ બની ગયો હતો, તે હવે નારાયણના ચિત્રને જોઈ ઊંડા વિચારોમાં રહેવા લાગ્યો.

પોતાનો જ વિશ્વમહારાજન અવતાર ભૂલેલો શાલિગ્રામ, પોતાના જ પૂર્વ અવતારને પૂજવા લાગ્યો અને પૂછવા લાગ્યો. તે નારાયણને વિશ્વનો ઉદ્ધાર કરી શકવા સક્ષમ ભગવાન માનવા લાગ્યો. તેને જીવનમાં સાદગી આપનાવી, સંતુષ્ટતા અપનાવી, અને સંપર્કમાં આવનારા સૌ સાથે ખુબજ શુભભાવ રાખતો. તેને સતત, ઈશ્વર, ભગવાન કેવો હશે?, કયાં હશે? એ વિચારો ચાલતા. આ વિશ્વ, આવું ન હોવું જોઈએ. હજુ લાખો શું, સો વર્ષ પણ આવી દોઝખ ભરેલી દુનિયા ન હોવી જોઈએ એવું તે દ્રઢપણે માનતો.

ધરતીકંપ, પૂર હોનારતો, દુષ્કાળ, રોગચારો, અકસ્માતોની ઘટનાઓ વધવા માંડી હતી. અનેક રહેવાસીઓ પરમાત્મા પિતાને પોકારી રહ્યા હતા, દિલથી.

અંતે શિવપિતાને લાગ્યું કે, હવે મારા બાળકો ખરેખર પાછા ઘરે આવવા માંગે છે. તેમણે જોઈએ તેટલા અનુભવો મેળવી લીધા છે. એમણે ઘરે પાછા આવવું છે, પરંતુ તેઓ દેહભાનની જાળમાં ફસાઈ ગયા છે, શરીરરૂપી જેલ માં પુરાઈ ગયા છે.

તેથી પરમપિતાએ અવતરણ લેવાનું નક્કી કર્યું, અહીં આવીને ફરીથી, દેહથી પર થઈ ઘરે પાછા ઉડીને જવાની કળા શીખવવા માટે.

એક પૂર્વનિર્ધારિત ક્ષણે શિવપિતાએ ગ્રહ પર ઉતરાણ કર્યું, એક સેકંડમાં તેમણે એ જ પહેલા-વહેલા આવેલા શાલિગ્રામના શરીર રથમાં પ્રવેશ કરી શરીરનું સુકાન સંભાળ્યું. શાલિગ્રામને પાસે જ બેસાડયો, અને કહયું, “હું શિવ છું.” પછી શાલિગ્રામને શરીર બહાર કાઢી દેખાડ્યું, “તું અને હું બન્ને આવા છીએ, પ્રકાશકણ, નાનકડી જ્યોતિ સમાન.” પાછા, ઘરે, ઉડીને જવા માટે તારે પવિત્ર બનવું પડશે. પવિત્ર બનવા તું મને આપણાં ઘરમાં મને યાદ કરજે. જે દિવસે તું સંપૂર્ણ પવિત્ર બની જઈશ, ત્યારે તું ઘરે પાછો ફરી શકીશ.

આટલું કહેવા માત્રથી પવિત્ર બની શકાય તેમ નહોતું આથી શિવપિતાએ અનેક વાર પ્રવેશ કરીને, પહેલા શાલિગ્રામના છેલ્લા શરીર દ્વારા, આખા સૃષ્ટિચક્રનું જ્ઞાન સંભળાવ્યું. તેમણે, ઘરને યાદ કરવાની યુક્તિઓ પણ જણાવી. સાથી શાલિગ્રામોને સંદેશ પહોંચાડવાની યોજનાઓ પણ શીખવાડી. આ યોજનાના ભાગ રૂપે, પ્રથમ શાલિગ્રામના અંતિમ શરીરને નામ આપ્યું ‘બ્રહ્મા’. અને તેને સાથ આપનાર સ્ત્રી – પુરુષ શરીરોને નામ આપ્યા બ્રહ્માકુમારી – બ્રહ્માકુમાર. હજુ એક શરત હતી, બધા શાલિગ્રામોએ પાછા ફરવાનું આવશ્યક હતું, કારણકે ઘરનો દ્વાર અમુક સમય માટે જ ખુલ્લો રાખી શકાય, પુનરાગમન માટે. આમ, બધાને સંદેશ આપવો આવશ્યક હતો.

બ્રહ્મા અને સાથી બ્રહ્માકુમાર – કુમારીઓએ સંદેશ આપવાનું શરૂ કરી દીધું કે પરમપિતા ઘરે લઈ જવા આવ્યા છે. અમુક જ શાલિગ્રામોને આ વાતથી ખુશી થઈ. પવિત્ર રહેવાનુ પણ તેમણે સ્વીકારી લીધું. પરંતુ મોટાભાગ ના શાલિગ્રામોને હજુ પણ દુ:ખની દુનિયાનો દેહમાં રહી મન ઇચ્છિત કામ કરવાના અભારખા બાકી હતા. જેમને શિવપિતાની શિક્ષાઓ સાંભળવા માંડી, તેઓને તો જાણે નવો જન્મ મળી ગયો, ઈશ્વરીય

જન્મ, જેની તેમણે સદીઓથી આશા રાખી હતી.

પ્રથમ વખત, તત્કાલ ચક્રમાં, શાલિગ્રામોને જાણ થઈ કે, આત્માઓ, ગ્રહ પર આવી પાંચ હજાર વર્ષનો બેહદ નાટક ભજવે છે. આદિકાળ માં ગ્રહ સ્વર્ગ સમાન રળિયામણું, સોહામણું, સુખદાયક હોય છે. ત્યારબાદ ધીરે-ધીરે આત્મા તેમજ પ્રકૃતિની શક્તિઓ ક્ષીણ થવાથી પડતી થાય છે. અપ્રિય ઘટનાઓ ઘટવા લાગે છે. તેમ છતાં, નવા અનુભવ અને 'દુનિયા પલટાઈ જશે – સારી બની જશે' ની આશાથી, મૂળભૂત દુનિયાની વિસ્મૃતિ ને લીધે તેમને અહીં આ ગ્રહ પર રહેવા સિવાય કોઈ અવકાશ રહેતો નથી. હવે હું કહું છું, શિવપિતાએ કહ્યું, "આ બેહદ નાટક નો ખેલ ખતમ થવાનો છે, તો આપણે ઘરે પાછા ફરીશું."

મોટા ભાગના શાલિગ્રામો સૃષ્ટિચક્રના સત્યને પારખે તે પહેલાજ વિશ્વ યુદ્ધ શરૂ થઈ ગયું. આકાશમાંથી અગનગોળાઓ વરસાવવામાં આવ્યા. શહેરોના શહેરો અને તેમાં વસતા રહેવાસીઓના શરીર ખતમ થઈ ગયા. ચારે બાજુ ધુમાડા રાખના ઢગલા થી ગયા. પૂર, ધરતીકંપ અને વાવાઝોડાની સહિયારી ઘટનાઓથી હાહાકાર મચી ગયો. પણ સાથે સાથે શાલિગ્રામોને શરીરથી છુટકારો મળ્યો. જૂજ સંખ્યામાં શરીર રથ પર સવાર શાલિગ્રામો ધરતી પર બાકી રહયા. બાકી બધા અશરીરી શાલિગ્રામો શિવની પાછળ એક હારમાળામાં ઘરે પાછા ફર્યા.



સૌ શાલિગ્રામો ફરી એકવાર તેમની પ્રકાશ દુનિયા ઝળહળવા લાગ્યા, બધી ઘટનાઓથી પણ તેમને મુક્તિ મળી ગઈ હતી. બેખબર, પરંતુ આત્મલીન સ્થિતિમાં આત્મલીન બની, શાલિગ્રામો પ્રકાશકણ બની મીઠી શાંતિમાં સમાઈ ગયા. શિવપિતાની આસપાસ ગોઠવાઈને શાંતિના સાગરમાં ગરક થઈ ગયા.

અને ફરીથી એક, એ જ, શિવ બાળકને સંકલ્પ થયો, "શાંતિ તો બહુ અનુભવી, ચાલો સુખની દુનિયામાં જઈએ, મારે સુખની દુનિયા શોધવા જવું છે." પરમપિતાએ મીઠું સ્મિત સંકલ્પ સાથે ક્ષણવાર રહીને પ્રત્યુતર આપ્યો, "ભલે."



**~ ઓમ શાન્તિ**